પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૧૦ | ૨૯ જુન, ૨૦૧૮, શુક્રવાર; નિજ. જેઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### તેલંગાણાના સીએમએ દુર્ગામાતાને હીરાની નથ અર્પણ કરી



પાંચ વર્ષ જુની માનતા પૂર્ણ થતા તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે ઈન્દ્ર કિલાદ્રિ પહાડ પર સ્થિત કનક દુર્ગા મંદિરમાં હીરાની નથ અર્પણ કરી હતી.

### અમિત શાહનું બંગાળ મિશન શરૂ

પંચાયતોની ચૂંટણીમાં ભાજપનો સૌથી મજબૂત કિલ્લો સાબિત થનાર પુરુલિયાથી ભાજપના અધ્યક્ષ અમિત શાહે મિશન બંગાળ શરૂ કર્યુ છે. તેઓએ મમતા બેનર્જી સરકાર પર હિંસા પ્રસરાવવાનો આરોપ લગાવ્યો હતો અને સત્તા પરથી હટવવાની અપીલ કરી હતી.

### આતંકી સંગઠનો પાક. બાળકોને આત્મઘાતી બનાવે છે : યુએન

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલ એક રીપોર્ટમાં જણાવાયુ છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો બાળકોને આત્મઘાતી હુમલાઓ માટે તૈયાર કરી રહ્યા છે.

### ડીઆરઆઈએ દુર્લભ પક્ષીઓ જપ્ત કર્યા

ડીઆરઆઈએ એક ખાનગી બાતમીના આધારે પશ્ચિમ બંગાળથી દુર્લભ વિદેશી પક્ષીઓ જપ્ત કર્યા છે. દાણચોરી દ્વારા આ પક્ષીઓને બાંગ્લાદેશથી ભારતમાં લાવવામાં આવી રહ્યા હતા.

# મુંબઈમાં ચાર્ટર્ડ પ્લેન ક્રેશ

**પાંચ જીવતા ભૂંજાયા : મૃતકોમાં એક પાયલટ : ત્રણ પેસેન્જર અને એક રાહદારીનો સમાવેશ : ઘાટકોપરના રહેણાંક વિસ્તારમાં બિલ્ડિંગ પર પ્લેન ક્રેશ થતાં આગ લાગતાં ભાગદોડ મચી**



મુંબઈ,તા.૨૮

મહાનગરી મુંબઈના રહેણાંક વિસ્તાર સર્વોદય નગરમાં ગુરૂવારે બપોરે એક ચાર્ટર્ડ વિમાન ક્રેશ થયું છે. વિમાનમાં ચાર લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં ૫ લોકોના મોત નિપજયાં છે. વિમાનમાં સવાર તમામ ચાર લોકો ઉપરાંત એક રાહદારીનું પણ મોત થયું છે. જણાવવામાં આવે છે કે જે સમયે વિમાન ક્રેશ થયું તે સમયે એક રાહગીર પણ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. પાઈલટ ઉપરાંત વિમાનમાં બે ટેકનિશિયન બેઠાં હતા જેના મોત નિપજયાં છે. મૃતકમાં બે મહિલાઓ પણ સામેલ છે. મૃતકોમાં કેપ્ટન પી.એસ. રાજપૂત, કો-પાઈલટ મારિયા જુબૈરી, આસિસ્ટન્ટ એન્જિનિયર સુરભી, એરક્રાફ્ટ ટેકનિશિયન મનીષ પાંડે સામેલ છે.

ઘાટકોપરના રહેણાક વિસ્તારમાં એક બિલ્ડિંગ પર પ્લેન ક્રેશ થવાને કારણે આગ લાગી હતી, ઘટનાની જાણ થતાં જ ફાયર ફાયટરનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

આ વિમાન મુંબઈના ઘાટકોપરના સર્વોદયનગર વિસ્તારમાં ક્રેશ થયું છે. ઘટના સ્થળે ફાયર બ્રિગેડ પહોંચી ગઈ છે. જે જગ્યાએ આ વિમાન ક્રેશ થયું તે રહેણાંક વિસ્તાર છે. આ વિમાન લગભગ બપોરે ૧.૧૩ વાગ્યે ક્રેશ થયું હતું. આ વિમાન ઉત્તર પ્રદેશ સરકારનું વિમાન VT-UPZ, કિંગ એર C90 છે.

પહેલાં એવાં સમાચાર આવ્યાં હતા કે પ્લેન ઉત્તર પ્રદેશ સરકારનું છે, પરંતુ બાદમાં સરકાર તરફથી નિવેદન આવ્યું કે આ વિમાન યુપી સરકારનું નથી.

યુપી સરકારનું કહેવું છે કે તેઓએ વિમાન મુંબઈની એક કંપની`રૂ એવિએશન પ્રાઈવેટ લિમિટેડને વેંચી દીધું હતું. પ્લેન મુંબઈ એરપોર્ટના મેન રનવે ૨૭થી ૩ કિલોમીટરના અંતર પર આવેલું હતું. મેન રનવે ૦૯/૨૭ને બંધ કરી દેવાયો છે અને ત્યાંના ઓપરેશન્સ સેકન્ડરી રનવેને ટ્રાન્સફર કરી દેવાયો છે. ક્રેશનું સ્થળ મેન રનવે સુધી પહોંચવાના રસ્તામાં આવે છે અને ત્યાંથી ધુમાડા નીકળતા હોવાથી હવાઈ ટ્રાફિકમાં અડચણ આવી શકતો હતો.

# સર્જિકલ સ્ટ્રાઈકના વિડિયોને પગલે સર્જાયો વિવાદ

**સર્જિકલ સ્ટ્રાઈક મામલે કોંગ્રેસ અને ભાજપના સામસામે પ્રહારો : સેનાના મનોબળને તોડવાની કોંગ્રેસની નીતિ રહી છે : રવિશંકર**

નવીદિલ્હી,તા. ૨૮

સર્જિકલ સ્ટ્રાઈકના વિડિયો ઉપર જારી રાજકીય ઘમસાણની સાથે જ કોંગ્રેસ અને ભાજપમાં શાબ્દિક યુદ્ધ છેડાઈ ગયું છે. એકબાજુ કોંગ્રેસ પાર્ટી અને બીજી બાજુ ભાજપે પત્રકાર પરિષદ યોજીને એકબીજા ઉપર પ્રહારો કર્યા હતા. ભાજપે વળતા આક્ષેપ કરતા કહ્યું છે કે, સેનાના નૈતિક જુસ્સાને તોડી પાડવાની કોંગ્રેસની વર્ષો જુની નીતિ રહી છે. કેન્દ્રીય દૂરસંચાર મંત્રી રવિશંકર પ્રસાદે આ ગાળા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઔરંગઝેબ કહેવા ઉપર પ્રહાર કરતા કોંગ્રેસ ઉપર રાજનીતિમાં નવી નીચલી સપાટી સ્પર્શ કરવાનો આક્ષેપ કર્યો હતો. સાથે સાથે કોંગ્રેસને કેટલાક વેધક પ્રશ્નો પણ કર્યા હતા. રવિશંકરે કહ્યું હતું કે, સેનાના નૈતિક જુસ્સાને તોડી પાડવાની કોંગ્રેસની નીતિ રહી છે. પ્રજાએ કોંગ્રેસને પછડાટ આપી દીધા બાદ પાર્ટીના લોકો હતાશ દેખાઈ રહ્યા છે. સર્જિકલ સ્ટ્રાઈકને રાહુલ ગાંધીએ ખૂનની દલાલી કહ્યું હતું. મોદીને એક સમયે સોનિયા ગાંધીએ મોતના સોદાગર તરીકે ગણાવીને વિવાદ છેડ્યો હતો. સર્જિકલ સ્ટ્રાઈક ઉપર કોંગ્રેસ તરફથી વાંધાજનક વાત કરવામાં આવી હતી. હવે કોંગ્રેસ તરફથી સેનાની પ્રશંસા કરવામાં આવી રહી છે અને ઔપચારિકતા દર્શાવવામાં આવી રહી છે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના પ્રવક્તાએ કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસી નેતાઓની ચૂંટણીથી પાકિસ્તાનને ખુશી થઈ રહી છે. કોંગ્રેસને કેટલાક પાકિસ્તાની ત્રાસવાદી સંગઠનો તરફથી પ્રમાણપત્ર મળશે જે રીતે

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદમાં બ્રેક બાદ શ્રદ્ધાળુઓનો કાફલો બાલતાલથી આગળ વધ્યો

**અમરાથયાત્રા માટે ૧.૯૬ લાખથી વધુ શ્રદ્ધાળુ દ્વારા નોંધણી કરાઇ : પ્રતિકુળ સંજોગો છતાં શ્રદ્ધાળુઓ ઉત્સાહિત : સાવચેતીના પગલા**

શ્રીનગર,તા. ૨૮

અમરનાથ યાત્રાને ભારે વરસાદના કારણે થોડાક કલાકો માટે રોકી દેવામાં આવ્યા બાદ ફરીવાર યાત્રા શરૂ થઈ ગઈ છે. હવામાનમાં સુધારો થતાં તથા વરસાદમાં બ્રેક મુકાતા બાલતાલથી અમરનાથ યાત્રા ફરી શરૂ કરી દેવામાં આવી છે. આગાઉ ભારે વરસાદના લીધે શ્રદ્ધાળુઓને આગળ જતાં રોકી દેવામાં આવ્યા હતા. ગંદરબાલના એસએસપી ફયાઝ અહેમદ લોને માહિતી આપતા કહ્યું છે કે, અમરનાથ યાત્રા ફરી શરૂ થઈ ચુકી છે. અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજુરી આપવાના નિર્દેશ આપી દીધા છે. આ વખતે સુરક્ષા પાસાને ધ્યાનમાં લઈને એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો પણ શ્રદ્ધાળુઓની સાથે રાખવામાં આવી છે. ૨૯૯૫ શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો જમ્મુથી રવાના થયો હતો જેમાં ૧૦૯૧ યાત્રી બાલતાલ અને ૧૯૦૪ યાત્રી પહેલગામ સ્થિત બેઝ કેમ્પથી થઈને પવિત્ર ગુફાના દર્શન કરવા પહોંચી રહ્યા છે. બુધવાર રાતથી જ ભારે વરસાદ



● અનુસંધાન પાન-૭ પર

# ભાઈ-ભત્રીજાવાદ પર મોદીના પ્રહાર

**મહાપુરુષોના નામ પર રાજનીતિ થઇ રહી છે : મોદી : મગહરમાં વિરોધીઓને મોદીએ કબીરના દોહા સંભળાવ્યા : એક એક ઇંચ ભૂમિને વિકાસ સાથે જોડાશે**

મગહર,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંત કબીરના બહાને રાજકીય વિરોધીઓ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સંત કબીરની ૫૦૦મી પુણ્યતિથિ ઉપર તેમના નિર્માણ સ્થળ મગહરમાં વડાપ્રધાન મોદીએ મહાપુરુષોના નામ ઉપર રાજનીતિ, પરિવારવાદ અને ભાઈ-ભત્રીજાવાદ પર પ્રહારો કર્યા હતા અને ઈમરજન્સીના બહાને કોંગ્રેસ અને જનતા પરિવારના હિસ્સા રહી ચુકેલી પાર્ટીઓના ગઠબંધનને સત્તાના લાલચ તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે, મહાપુરુષોના નામ ઉપર કમનસીબરીતે રાજનીતિના પ્રવાહ તૈયાર કરવામાં આવી રહ્યા છે જે સમાજને નુકસાન પહોંચાડે છે. માત્ર લડાઈ ઝગડાની રાજનીતિ કરવામાં આવી રહી છે. આ લોકો શાંતિ અને વિકાસના બદલે લડાઈ ઝગડાની રાજનીતિ ઈચ્છે છે. આ પ્રકારના લોકોને લાગે છે કે, જો અશાંતિ રહેશે તો રાજનીતિને ફાયદો મળશે. વાસ્તવિકતા એ છે કે, આ પ્રકારના લોકો હવે સમાજથી દૂર થઈ ચુક્યા છે. આ પ્રકારના લોકોએ કબીરને ક્યારે પણ ઓળખ્યા ન હતા. તાજેતરના આવાસ વિવાદ તરફ ઈશારો કરતા વડાપ્રધાને નામ લીધા વગર ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, તેમને યાદ છે કે, જ્યારે ગરીબો માટે પીએમ આવાસ યોજના શરૂ થઈ ત્યારે અગાઉની સરકારમાં રહેલા લોકોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. અગાઉની સરકારો ગરીબો માટે બનાવવામાં આવેલા આવાસની સંખ્યા ક્યારેય બતાવતી નથી પરંતુ તેમને પોતાના ભવ્ય બંગલાઓની ચિંતા હતી. જ્યારથી ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકાર



● અનુસંધાન પાન-૭ પર

## કબીરની મજાર પર ટોપી પહેરવા યોગીનો ઈન્કાર

મગહર, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના સંતકબીરનગરમાં પહોંચ્યા હતા. મોદી ત્યાં પહોંચે તે પહેલા બુધવારના દિવસે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પહોંચ્યા હતા. તેઓ કબીરની મજાર ઉપર વ્યવસ્થા જોવા માટે પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન તેઓએ પહેરવા માટે આપવામાં આવેલી ટોપી સ્વિકારવાનો ઈન્કાર કર્યો હતો. ટોપી પહેરવાનો યોગીએ ઈન્કાર કરતા તમામનું ધ્યાન ખેંચાયું હતું. યોગીના આ વિડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

# મુર્શિદાબાદથી જમ્મુ જવા નીકળેલા બીએસએફના ૧૦ જવાનો લાપતા

**એક જવાન વર્ધમાન સ્ટેશન અને અન્ય ૮ ધમબાદ સ્ટેશન પર ગુમ થયા હતા**

કોલકાત્તા,તા.૨૮

સેનાની સ્પેશિયલ ટ્રેનમાં જમ્મુ-કાશ્મીર જઈ રહેલા બીએસએફના ૧૦ જવાન રસ્તામાં જ અચાનક ગાયબ થઈ ગયા હોવાની ઘટના બનતાં બીએસએફના અધિકારીઓમાં ભારે દોડધામ મચી જવા પામી છે.અને અધિકારીઓએ આ અંગે ઉચ્ચ સ્તરે જાણ કરી છે.

આ ઘટનામાં બીએસએફનો એક જવાન વર્ધમાન સ્ટેશન પર અને અન્ય નવ જવાન ધનબાદ સ્ટેશન પર ગુમ થયા છે. તંત્રને આ ઘટનાની જાણ થતાં અધિકારીઓમાં ભારે હોબાળો મચી ગયો હતો. આ મામલે પ્લાટૂન કમાન્ડરોએ મુગલસરાય જીઆરપી મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મુગલસરાય જીઆરપીના પીએસઆઈ જિતેન્દ્રકુમાર યાદવે જણાવ્યું હતું કે બીએસએફનું એક ગ્રૂપ ગૂમ થઈ ગયા હોવાની પ્લાટૂન કમાન્ડરો દ્વારા જાણકારી મળી છે આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદથી ૮૩મી બંગાળ બટાલિયનના બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોને લઈને સેનાની સ્પેશિયલ ટ્રેન જમ્મુ-કાશ્મીર માટે

● અનુસંધાન પાન-૭ પર

તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે
1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી,
સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE 93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




